# લેશ્યા

ડૉ. જાગૃતિ નલિન ઘીવાલા

M.A, M.Phil, Ph.D. (Jainism)



# લેશ્યા

જૈન ધર્મમાં 'લેશ્યા' શબ્દનું ખુબ મહત્વપૂર્ણ સ્થાન છે. લેશ્યા શબ્દ અર્ધ માગધી ભાષા 'લીસા' ઉપરથી આવ્યો છે, લેશ્યાનાં વિવિધ અર્થ છે. –

'શરીરની કાંતિ, તેજ, જીવની માનસિક વૃતિ, આત્મ પરિણામો, પરિવર્તન, મનનાં અધ્યવસાય વગેરે'..

❖ લેશ્યાની વ્યાખ્યા :

'કષાયથી અનુરંજિત આત્મ પરિણામો' કે 'કષાયોનાં પરિણામે થતી મનની જુદી જુદી અવસ્થા.' ટુંકમાં કહીએ તો કષાય જનિત મનનાં પરિણામ = કષાયનાં કારણે મનમાં જે ભાવ ઉત્પન્ન થાય છે, તેને લેશ્યા કહે છે.

# ❖ લેશ્યાનાં પ્રકાર

## લેશ્યાનાં દ્રવ્ય - ભાવથી મુખ્ય બે પ્રકાર છે.

**૧. દ્રવ્ય લેશ્યા (પ્રવૃત્તિ)**

પૌદ્ગલિક, કષાયોની અસરથી થતી મન – વચન -કાયાની પ્રવૃત્તિ તે દ્રવ્ય લેશ્યા છે.

**૨. ભાવ લેશ્યા (પરિણામ)**

ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોની અસરથી થતા આત્મા નાં પરિણામ તે ભાવ લેશ્યા છે.

દ્રવ્ય-ભાવ લેશ્યાનાં કુલ છ પ્રકાર છે. ૧) કૃષ્ણ લેશ્યા ૨) નીલ લેશ્યા ૩) કાપોત લેશ્યા. ૪) તેજો લેશ્યા ૫) પદ્મ લેશ્યા ૬) શુક્લ લેશ્યા. તેને દ્રષ્ટાંત દ્વારા સમજીએ

# મનનાં ભાવોનું દર્પણ દર્શાવતું ઉદાહરણ

એક વખત છ મિત્રો જંગલમાં ફરવા નીકળ્યા. રસ્તામાં તેઓ ભૂલા પડ્યા. થોડાક સમય પછી ભૂખ અને તરસ લાગી, પરંતુ પાસે કાંઈ નહી. ખોરાકની શોધમાં તેઓ એક ફળથી લચી પડેલા વૃક્ષ પાસે આવી ચડે છે.

- પહેલો મિત્ર આખા વૃક્ષને જડ-મૂળથી ઉખેડી નાખવાનો વિચાર કરે છે. ૧) કૃષ્ણ લેશ્યા.
- બીજો મિત્ર, આખું ઝાડ ઉખેડવાની જરૂર નથી, મોટી ડાળો કાપીએ. ૨) નીલ લેશ્યા.
- ત્રીજા મિત્રએ કહ્યું, મોટી નહી, પરંતુ ફળોવાળી નાની ડાળો તોડીએ ૩) કાપોત લેશ્યા.
- ચોથા મિત્રએ કહ્યું, આપણે વૃક્ષ પર ચડીને બધાં ફળો ઉતારી લઈએ ૪) તેજો લેશ્યા.
- પાંચમા મિત્રએ કહ્યુ, માત્ર જરૂરી જોઈતાં જ ફળો લઈએ. તે ૫) પદ્મ લેશ્યા.
- છઠ્ઠા મિત્રએ કહ્યું, આપણે ઘણા ફળો નીચે જ પડેલા છે તે લઈએ તે ૬) શુક્લ લેશ્યા.

❖ આ વાર્તા બધા મિત્રનાં સ્વભાવનો ખ્યાલ આપે છે. પહેલી લેશ્યા સહુથી વધારે અશુભ છે. તેમાં ક્રમવાર શુદ્ધતા અને પવિત્રતા વધતાં, છેલ્લી સહુથી શુભ લેશ્યા છે.

આ પ્રમાણે છ લેશ્યા છે, જેમાં ૩ અશુભ લેશ્યા છે અને અંતિમ ૩ શુભ લેશ્યા છે.

હવે આપણે સમજીશું કે કેવી રીતે જુદી જુદી લેશ્યાવાળા જીવ વર્તે છે, તેનું પરિણામ શું આવે છે.

દ્રવ્ય લેશ્યા પૌદ્ગલિક હોવાથી તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ હોય છે. તે વર્ણ, રસ, ગંધ આદિનું પરિણમન અત્યંત સુક્ષ્મપણે થતું હોવાથી પ્રગટપણે તેનો અનુભવ થતો નથી. તેમ છતાં ક્યારેક તેનાં કાર્યથી તેનું અનુમાન કરી શકાય છે.

ક્રોધી મનુષ્યનાં ચહેરા પર વ્યાપેલી વ્યગ્રતા, ગાત્રનું કંપન વગેરે લક્ષણો ક્રોધનાં ભાવો સૂચવે છે અને તેની પ્રવૃત્તિ પણ ક્રોધજનિત હોય છે. તેથી વિપરીત મુખ પર પ્રશાંતતા, પ્રેમાળતા આદિ લક્ષણો શાંતિનાં, દયાનાં ભાવો સૂચવે છે.

આત્મ-પરિણામોની શુદ્ધિ-અશુદ્ધિની તરતમતાનાં આધારે લેશ્યાનાં છ વિભાગ છે.

લેશ્યાનાં પ્રકાર (વિભાગ), સ્વભાવ અને તેનો વર્ણ અને તે શુભ કે અશુભ છે, તે આ પ્રમાણે છે :

# દ્રવ્ય લેશ્યાનાં નામ, વર્ણ, સ્વભાવ અને શુભ / અશુભ

| લેશ્યાનાં નામ | તે વ્યક્તિનાં ભાવ / સ્વભાવ | વર્ણ / રંગ | શુભ / અશુભ |
|---|---|---|---|
| ૧) કૃષ્ણ | નિર્દયી, ઈર્ષાળુ, કપટ અને દુશ્મનાવટથી ભરેલા, ભયજનક | કાળો | અશુભ |
| ૨) નીલ | અભિમાની, તોછડા, આળસુ, દગાબાજ,કાયર, દંભી હોય છે. | બ્લુ / ભૂરો | અશુભ |
| ૩) કાપોત | હંમેશા દુ:ખી, બીજાનો દોષ જોનાર, ચાલાક, સ્વની પ્રશંસા કરે અથવા કરાવે, નાની-નાની વાતોમાં ગુસ્સે થનાર, | ગ્રે / રાખોડી | અશુભ |
| ૪) તેજો | પોતાના વર્તન પ્રત્યે સજાગ, સાચા-ખોટાની સમજવાળા, દયાળુ, પ્રેમાળ, નમ્ર, ધર્મિષ્ઠ, વિનયી, શાંતિપૂર્ણ જીવન જીવનાર. | ઉગતા સુરજ જેવો લાલ | શુભ |
| ૫) પદ્મ | અલ્પ કષાયી, પ્રશાંત ચિત્ત, તપસ્વી, વ્રત-નિયમો પાળવામાં ચોક્કસ, અલ્પભાષી, ઉપશાંત અને જિતેન્દ્રિય વગેરે લક્ષણોવાળો | હળદર જેવો પીળો | શુભ |
| ૬) શુક્લ | ધર્મધ્યાન-શુક્લધ્યાનમાં રત, ૫ સમિતિ-3 ગુપ્તિથી યુક્ત, અલ્પ રાગી કે વિતરાગી, ઉપશાંત અને જિતેન્દ્રિય હોય છે. | શંખ જેવો સફેદ | શુભ |

# દ્રવ્ય લેશ્યાનાં રસ, ગંધ, સ્પર્શ અને ભાવ લેશ્યાની લાગણી

| લેશ્યા | રસ | ગંધ | સ્પર્શ | ભાવ/લાગણી |
|---|---|---|---|---|
| ૧) કૃષ્ણ | અતિ કડવો | અતિ દુર્ગંધી | અતિ કઠોર | અતિ ક્રૂર |
| ૨) નીલ | ઓછો કડવો | ઓછી દુર્ગંધી | ઓછો કઠોર | કાંઈક ઓછો ક્રૂર |
| 3) કાપોત | અલ્પ કડવો | અલ્પ દુર્ગંધી | અલ્પ કઠોર | અલ્પ ક્રૂર |
| ૪) તેજો | કાંઈક મીઠો | કાંઈક સુગંધી | કાંઈક સુંવાળો | કાંઈક શાંત |
| ૫) પદ્મ | મીઠો | સુગંધી | સુંવાળો | શાંત |
| ૬) શુક્લ | અતિ મીઠો | અતિ સુગંધી | અતિ સુંવાળો | અતિ શાંત |

# ૨૪ દંડકની સાદી સમજ અને ૨૪ દંડકમાં લેશ્યા

દંડક એટલે ગતિ = જે તે ગતિ આપણે ભોગવી રહ્યા છીએ. દંડ, લાકડી. જેનાથી આપણે સંસાર પરિભ્રમણમાં દંડાઈ રહ્યા છે. તેવા ૨૪ દંડક છે. તે = ૭ નારકીનો ૧ દંડક, દેવનાં ૧૩ દંડક (૧૦ ભવનપતિ, ૧ વ્યંતર, ૧ જ્યોતિષી ૧ વૈમાનિક) ૫ દંડક સ્થાવર જીવનાં(પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય), 3 દંડક વિક્લેન્દ્રીયનાં (બે,ત્રણ અને ચાર ઇન્દ્રિય), ૧ દંડક ગર્ભજ તિર્યંચનો અને ૧ દંડક ગર્ભજ મનુષ્યનો કુલ = ૨૪ દંડક.

| દંડક | લેશ્યા | દંડક | લેશ્યા | દંડક | લેશ્યા |
|---|---|---|---|---|---|
| ગર્ભજ તિર્યંચને - ૧ | ૬ | અગ્નિકાયને - ૧ | 3 – અશુભ | વૈમાનિકને (૧) | 3 – શુભ |
| ગર્ભજ મનુષ્યને - ૧ | ૬ | વાયુકાયને - ૧ | 3 – અશુભ | જ્યોતિષીને (૧) | ૧-તેજો લેશ્યા |
| નારકીને - ૧ | 3 – અશુભ | વિક્લેન્દ્રીયને (3) | 3 – અશુભ | શેષ દંડકો (૧૪) | પહેલી – ૪. |

આ પ્રમાણે લેશ્યાનાં પ્રકારો, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ આદિ જાણકારી સાધકોને અશુભથી શુભ ભાવો તરફ વિકાસ સાધવા ખુબ ઉપયોગી નીવડે છે.




# આભાર !